A-11

SEAT No.________

No. of Pages : 02

# SARDAR PATEL UNIVERSITY

FYBA (External) Examination, Semester I

Day : Friday　　Date : 05-04-2019

Session : Morning　　Time : 10.00 am to 01.00 pm

Subject Code : Guj-100 Gujarati Compulsory (New)

(૧) પૂર્વાલાપ (૨) પાદરનાં તીરથ

Total Marks : 100

---

નોંધ : દરેક પ્રશ્નના ગુણ સરખા છે

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે એક વિશે નિબંધ લખો. (૨૦)

૧. માનવજીવનમાં તહેવારોનું મહત્વ

૨. ભારતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ

૩. મારી પ્રિય રમત

૪. ટેલિવિઝન-આશીર્વાદ કે અભિશાપ ?

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૨૦)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહી ઉપાધિ પણ મેળવે છે. છતાં વિદ્યા પામતા નથી તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ. મેળવવાની વસ્તુ લે નહિ તેઓની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહિ તેઓ અમુક બાહ્ય અથવા અમુક માટીમાં કોઇ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. આથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે જે ચિત્રની સામગ્રી છે. તેને વસ્તુમાં ઢાંકી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્ત શક્તિમાં જેમ જેમ મલિન થતી ગઇ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઇ એ વાત કબૂલ કરવી જ પડશે.

– રવીન્દ્રનાથ ટાગોર

અથવા

પ્ર.૨ ઉપરનો ગદ્યખંડ વાંચી નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો

(૧) વિદ્યા મેળવવાનો આધાર કોના પર હોય છે ?

(૨) તીર્થમાં જનાર બધા કેમ સાચું ફળ મેળવી શકતા નથી ?

(૩) સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત ન કરનારા માટે ટાગોરે શું કહ્યુ છે ?

(૪) આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ કેવી થતી ગઇ ? તેનું શું પરિણામ આવ્યું ?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર.૩ 'પાદરના તીરથ' નવલકથાને આધારે જયંતી દલાલની નવલકથાકાર તરીકેની વિશેષતા અને મર્યાદાઓ સ્પષ્ટ કરો. (૨૦)

અથવા

પ્ર.૩ નીચેના વિશે નોંધ લખો

૧. 'પાદરના તીરથ'માં આલેખાયેલા પોલિસ દમનના દશ્યો

૨. અંબાલાલ વકીલનું પાત્રાલેખન કરો.

(પાછળ જુઓ)

પ્ર.૪ કવિ કાન્તના 'પૂર્વાલાપ'નાં અભ્યાસ નિયત પ્રકૃતિનું નિરૂપણ કરતા કાવ્યોની સમીક્ષા કરો. (૨૦)

અથવા

પ્ર.૪ નીચેના કાવ્યોનું રસદર્શન કરાવો.

(૧) સાગર અને શશી

(૨) ચક્રવાક મિથુન

પ્ર.૫ અભ્યાસનિયત પાઠ્યપુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

(૧) જગદીશને છોડાવવા માટે નગીનદાસના વિચારો સાથે પશીમા કેમ સહમત થતા નથી ?

(૨) નંદપરાનું રેલ્વે સ્ટેશન ગામ લોકો શામાટે બાળી નાખે છે ?

(૩) ફોજદાર અંબાલાલ વકીલને કેદમાંથી શા માટે મુક્ત કરે છે ?

(૪) માસ્તર ધીમે પગલે બંગલી તરફ વળે છે ત્યારે શું ઘટેલું જુવે છે ?

(૫) 'દેવયાની'માં અનાદર પામેલી દેવયાની કેવો મનોભાવ અનુભવે છે ?

(૬) 'વસંત પ્રાર્થના' કાવ્યમાં કવિ વસંતને શી પ્રાર્થના કરે છે ?

(૭) 'હિંદ માતાને સંબોધન' કાવ્યમાં કઈ ભાવના વર્ણવાઈ છે ?

(૮) 'ઉદ્‌ગાર' કાવ્યમાં કવિ કયો ભાવ વ્યકત કરે છે ?

----------X-----------X-------------X----------